# મંગલ અક્ષરદેહ

## પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં પાવન હસ્તાક્ષર

ભાગ-૨





સુખ વખતે સુખના રાગને ઘટાડ, તો દુઃખ વખતે દુઃખનો દ્વેષ ઘટશે. સમભાવ રાખવાની નાની તકો ગુમાવી, મોટા દુઃખ વખતે ઘણી સમતા રાખીશ તે વર્તમાન ઢીંઠાઈ છે. બંધના નાના કારણો તરફ દુર્લક્ષ કરી મોટા બંધના કારણથી છૂટ્યો છું એમ સમાધાન કરી સંતોષ રાખવો તે પોતાને વંચવા જેવું છે.

જીવવું કેમ તેના પ્રયાસમાં અજ્ઞાની કાળ ગાળે છે, તેથી સંસાર જીવતર ઊભું રહ્યું (અને) મરતાં તૃષ્ણા સાથે મરે (છે). મરવું કેમ તે લક્ષે જ્ઞાની જીવે છે, તેથી સંસાર સ્થિતી તોડે છે. અજ્ઞાની મરતાં પરવશે મરે છે, જ્ઞાની જીવનના દરેક ક્ષણે મરણ અનુભવે છે, તેથી સ્વવશે મરે છે.







ॐ

શ્રી સર્વજ્ઞાય નમઃ

# મંગલ અક્ષરદેહ

પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજીસ્વામીએ
ચૂંટીને **સ્વહસ્તાક્ષરમાં** લખેલાં
સ્તવન તથા પદ....

# મંગલ-સ્તુતિ

મૈં પૂજતી હૂં જિનકો, અંતર કી આતમા સે;
વે સામને બિરાજે, મેરે ગુરુ હૈ મેરે, વે સિદ્ધ બનનેવાલે....મૈં પૂજતી...

ગુરુ સચ્ચા મિલે જિસકો, બડા પુણ્યવાન હોતા હૈ;
ગુરુ કો સહી પહચાને, વો ભવ સે પાર હોતા હૈ;
નહીં રાગ-દ્વેષ મનમેં (૨), તુમ સમતા ભાવવાલે....મૈં પૂજતી..... (૧)

ઘના અંધકાર છાયા હૈ, નહીં દિખતા કિનારા હૈ;
યહાં મતલબ કા નાતા હૈ, એક જ્ઞાયક બતાયા હૈ;
મૈં ભક્તિભાવ સે વંદું (૨), ભવદુ:ખ મિટાનેવાલે....મૈં પૂજતી..... (૨)

ગુરુ મોક્ષમાર્ગ સાધક હો, સદા આનંદદાયક હો;
વિજય અજ્ઞાન પે પાયી, તુમ્હીં સચ્ચે હો જ્ઞાનધારી;
હે ઉપકારી ગુરુવર! (૨), આતમ દિખાનેવાલે....મૈં પૂજતી..... (૩)

યે જીવન હૈ દુર્લભ મિલા, નહીં વિષયો મેં તું રમના;
અબ આતમ કો જાનો, બસ ઉસકો હી અપનાઓ;
હૈ મોડ પર ખડે હમ (૨), ગુરુ રાહ બતાનેવાલે....મૈં પૂજતી..... (૪)

જો મુક્તિ પથ પર ચલતે, કભી ના વે કહીં રુકતે;
ધન્ય જીવન તુમ્હારા હૈ, વહી આદર્શ હમારા હૈ;
મૈં રહું તેરે પાસ (૨), સદા શરણ દેનેવાલે....મૈં પૂજતી..... (૫)

ગુરુ અક્ષરદેહ મિલા, માનો સાક્ષાત્ પધારે હો;
ગુરુ-વાણી કા ચિંતન હો, સદા ઉસકા હી મનન હો;
ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટો (૨), તુમ્હીં તારનેવાલે....મૈં પૂજતી..... (૬)

ૐ

શ્રી વિતરાગાય નમઃ
શ્રી સદ્‌ગુરૂદેવાય નમઃ

# અમારી ભાવના

અકારણ કરુણા વરસાવી વસ્તુ સ્વરૂપની સાચી સમજણ પ્રદાન કરનાર, શુધ્ધાત્મસાધનાની વિધિના પ્રકાશક, અધ્યાત્મયુગસ્રષ્ટા, કૃપાનિધાન પૂજ્યવર શ્રી કહાન ગુરૂદેવશ્રીનાં પાવન હસ્તાક્ષર એટલે

# મંગલ અક્ષરદેહ

પૂર્વે પ્રકાશિત **"મંગલ અક્ષરદેહ"** , પૂજ્ય ગુરૂદેવશ્રીએ સ્વયંના ચિંતન-મનન માટે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, શ્રી નાટક સમયસાર, શ્રી અનુભવપ્રકાશ તેમ જ શ્રીમદ્‌ રાજચંદ્ર એ ગ્રંથોમાંથી સ્વહસ્તાક્ષરે લખેલાં અવતરણોનો સંગ્રહ છે. તેવી જ રીતે આ પુસ્તિકા **"મંગલ અક્ષરદેહ - ભાગ ૨"** પુરુષાર્થમૂર્તિ, વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુનાં પરમ ઉપાસક કૃપાળુ ગુરૂદેવશ્રીએ પોતાની ભાવનાને દ્રઢ કરવા માટે ચૂંટેલાં સ્તવન તથા પદોનો સંગ્રહ છે.

**"મંગલ અક્ષરદેહ - ભાગ ૨"** એટલે જ્ઞાની-ધર્માત્માની સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મદ્રષ્ટિની ઝલક, વીતરાગરસનું ઝરણું, અંતરમાં વસ્તુસ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન અને બાહ્ય વિષયો પ્રત્યે સહજ ઉપેક્ષાવૃત્તિ.

આ પુસ્તિકાના સંકલન દરમ્યાન સતત એવો અહોભાવ જાગતો કે પૂજ્ય ગુરૂદેવશ્રીએ આ સ્તવન તથા પદોમાં કેવા અદ્‌ભુત ભાવો જોયાં હશે! પોતાની આત્મભાવના કેવી ઘુંટી હશે! અંતરમાં ભક્તિભાવનો તો સમુદ્ર જ ઉછળ્યો હશે. ધન્ય છે તે મુમુક્ષુઓ કે જેમણે વૈરાગ્યમૂર્તિ કહાન ગુરૂદેવશ્રીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે, તેઓશ્રીની દેશના શ્રવણ કરી છે, તેઓશ્રીની સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ પ્રત્યેની ભક્તિ નિહાળી છે. અમને તેઓશ્રીનાં પ્રત્યક્ષ દર્શન, દેશના આદિનો યોગ નથી મળ્યો, છતાં પણ**"મંગલ અક્ષરદેહ"**ના સંકલન દ્વારા જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું સાન્નિધ્ય પ્રત્યક્ષ મળ્યું હોય તેમ અનુભવાય છે અને તે અમારા પરમ પરમ સદ્‌ભાગ્ય છે. આ પુસ્તિકાના અધ્યયનથી અહો! અધ્યાત્મરસના રસીલા, પરમ ઉપકારી, વહાલા કહાન ગુરૂદેવશ્રી જાણે સ્વયં આપણને વીતરાગરસરૂપી અમૃતનું પાન કરાવતા હોય તેવી ધન્યતા અનુભવાય છે.

**"ભાઈ! તું તો સિદ્ધની જાતનો છો ને! પ્રભુ છો ને!"** એવું ભાન કરાવી પામરતામાંથી પ્રભુતા તરફ હાથ

પકડીને લઈ જનાર ઉપકારી ધર્માત્મા કહાન ગુરૂદેવશ્રીનો ધ્વનિદેહ **“મંગલ વાણી”**આખા વિશ્વમાં ગુંજી રહી છે અને લાખો જીવોના આત્મકલ્યાણનું કારણ બની રહી છે. તેવી જ રીતે આ **“મંગલ અક્ષરદેહ”** સર્વે ભવ્ય જીવોના ચિંતન-મનન અને સાધનાનું નિમિત્ત બને તેવી પવિત્ર ભાવના ભાવીએ છીએ.

**“તું ત્રિકાળ વીતરાગ સ્વરૂપ છો”**એવું ભાન કરાવીને સર્વે મુમુક્ષુઓના વીર્યને ઉલ્લસિત કરનાર, અમ બાળકોને **“હવે વીતરાગ થા”** એમ કહીને આત્મહિતની પ્રેરણા આપનાર કરુણાનિધાન કહાન ગુરૂદેવનો જય હો.

- આપશ્રીની શીતલ છાંયડી ઝંખતા
આપના બાળકો....

**નોંધ:**

પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વહસ્તાક્ષરમાં લખાયેલી ભક્તિ
પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગલ સ્વરમાં સાંભળવા માટે
આ ચિહ્ન(Icon) જ્યાં જ્યાં છે તેના પર ક્લિક કરો.

# અનુક્રમણિકા

## ૧. શ્રી આનંદઘનજી ચોવીસી પાના નં. ૧


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભ જિન સ્તવન | ૭ | શ્રી વિમલનાથ જિન સ્તવન |
| ૨ | શ્રી અજિતનાથ જિન સ્તવન | ૮ | શ્રી અનંતનાથ જિન સ્તવન |
| ૩ | શ્રી સંભવનાથ જિન સ્તવન | ૯ | શ્રી શાંતિનાથ જિન સ્તવન |
| ૪ | શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન | ૧૦ | શ્રી અરનાથ જિન સ્તવન |
| ૫ | શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન | ૧૧ | શ્રી મુનિસુવ્રતનાથ જિન સ્તવન |
| ૬ | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન | ૧૨ | શ્રી નમિનાથ જિન સ્તવન |


## ૨. શ્રી આનંદઘનજી કૃત પદ પાના નં. ૭


| | | | |
|---|---|---|---|
| ૧ | ક્યા સોવે ઉઠ જાગ બાઉ રે | ૧૦ | મેરે ઘટ ગ્યાન ભાનુ |
| ૨ | સુહાગણ ! જાગી અનુભવ | ૧૧ | નિશદિન જોઉં તારી વાટડી |
| ૩ | અબધુ નટ નાગરકી બાજી | ૧૨ | અબધુ આજ સુહાગન નારી |
| ૪ | આતમ અનુભવ રસિક કો | ૧૩ | નિશાની કહા બતાવું રે |
| ૫ | અબધુ ક્યા સોવે તન મઠમેં | ૧૪ | વિચારી કહા વિચારે રે |
| ૬ | આતમ અનુભવ ફુલકી | ૧૫ | અબધુ અનુભવ કલિકા |
| ૭ | આતમ અનુભવ રીતિ | ૧૬ | ક્યારે મુને મિલસે |
| ૮ | ખેલે ચતુર્ગતિ ચૌપર | ૧૭ | અબધુ ક્યા માંગુ ગુન હીના |
| ૯ | અનુભવ તું હૈ હેતુ હમારો | ૧૮ | અબધુ રામ રામ જગ ગાવે |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | આશા ઔરનકી ક્યા કિજે | ૩૦ | અબ મેરે પતિ ગતિ દેવ |
| ૨૦ | અબધુ નામ હમારા રાખે | ૩૧ | રામ કહો રહેમાન કહો કોઉ |
| ૨૧ | મિલાપી આન મિલાવો રે | ૩૨ | સાધુસંગતિ બિનુ કૈસેં પૈયેં |
| ૨૨ | તા જોગે ચિત્ત લ્યાઉં | ૩૩ | પ્રભુ તો સમ અવર |
| ૨૩ | મીઠડો લાગે કંતડો ને | ૩૪ | નિસ્પૃહ દેશ સોહામણો |
| ૨૪ | અબ હમ અમર ભએ | ૩૫ | લાગી લગન હમારી |
| ૨૫ | મેરી તું મેરી તું કાહે ડરેરી | ૩૬ | શ્યામ મને નિરાધાર કેમ મૂકી |
| ૨૬ | તેરી હું તેરી હું એતી કહુંરી | ૩૭ | યા પુદ્‌ગલકા ક્યા વિસવાસા |
| ૨૭ | માયડી મુને નિરપખ કિણહી | ૩૮ | અબધુ સો જોગી ગુરૂ મેરા |
| ૨૮ | મેરે પ્રાન આનંદઘન | ૩૯ | અબધુ એસો જ્ઞાન વિચારી |
| ૨૯ | દેખો એક અપૂરવ ખેલા | ૪૦ | માયા તજીય ન જાય |

## ૩. અન્ય સ્તવન તથા પદ — પાના નં. ૩૫

| | | | |
|---|---|---|---|
| ૧ | દુર કાં પ્રભુ દોડ તું | ૫ | લાય ઘરોઘર લાગી |
| ૨ | હોડી તૂટી હોય તોય | ૬ | મરણની બીક શા માટે? |
| ૩ | સિકંદરનું ફરમાન | ૭ | અન્ય પદ |
| ૪ | સમય બદલાય છે જ્યારે | | |



ક્યા સોવે ઉઠ જાગ બાઉ રે, ક્યા....

અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ, ઘરિય દેત પહોરિયાં ઘાઉ રે. ક્યા.૧

- પૂજ્ય ગુરૂદેવશ્રી આપણને કેટલા પ્રેમથી જગાડી રહ્યા છે !

## શ્રી રૂષભજીન સ્તવન

રૂષભ જીનેશ્વર પ્રિતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. રૂ. ૧

પ્રીતસગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીતસગાઈ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. રૂ. ૨

કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેલો નવિ કહિએ સંભવે રે, મેલો ઠામ ન ઠાય. રૂ. ૩

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. રૂ. ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. રૂ. ૫

ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋ. ૬

## શ્રી અજિતનાથ જિન સ્તવન

જેણે નયણે કરી મારગ જોઈએ (રે, નયણ તે દિવ્ય વિચાર.)   ૨

## શ્રી સંભવનાથ જિન સ્તવન

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહિ પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સં.૧

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ. સં.૨

કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિએ રે, એ નિજ મત ઉનમાદ. સં.૫

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

દેખણ દે રે સખી, મુને દેખણ દે....

## શ્રી શ્રેયાંસનાથ સ્તવન

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે.શ્રી.૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે.શ્રી.૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે.શ્રી.3

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહ શું રઢ મંડો રે.શ્રી.૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતી ધરજો રે. શ્રી. ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી. ૬

## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

આતમજ્ઞાની શ્રમણ કહાવે, (બીજા તો દ્રવ્યલિંગી રે;) ૬

## શ્રી વિમલનાથ જિન સ્તવન

દુઃખ દોહગ દૂરે ટલ્યાં રે, (સુખસંપદ શું ભેટ;)

સાહેબ સમરથ તૂં ધણી (રે, પામ્યો પરમ ઉદાર;) ૪

## શ્રી અનંતનાથ જિન સ્તવન

ધાર તરવારની સોહલી (દોહલી, ચઉદમા જિનતણી ચરણસેવા;) ૧

એક કહે સેવિએ વિવિધ (કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;) ૨

દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો (કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;) ૪

પાપ નહિં કોઈ ઉત્સુત્ર (ભાષણ જિશ્યો, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;) ૬

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

અહો અહો હું મુજને (કહું, નમો મુજ નમો મુજ રે;) ૧૩

મનકે હારે હાર હૈ, મનકે જીતે જીત;
પરંબ્રહ્મકું પામીએ, જો મનમેં હોવે પ્રતીત.

## શ્રી અરનાથ જિન સ્તવન

પરમાર્થ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ૬

વ્યવહારે લખ દોહીલો, (કાંઈ ન આવે હાથ રે;) ૭

## શ્રી મુનિસુવ્રતનાથ જિન સ્તવન

આતમ ધ્યાન કરે જો (કોઉ, સો ફિર ઇણમેં નાવે;) ૯

## શ્રી નમિનાથ જિન સ્તવન

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષટ્.૭

## પદ (૧)

ક્યા સોવે ઉઠ જાગ બાઉ રે, ક્યા....

અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ, દેત પહોરિયાં ઘરિય ઘાઉ રે. ક્યા.૧

કહા વિલંબ કરે અબ બાઉ રે, તરી ભવજલનિધિ પાર પાઉ રે;

આનંદઘન ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે. ક્યા.૩

## પદ (૪)

સુહાગણ! જાગી અનુભવ પ્રીત, સુહાગણ....

નિંદ અનાદિ અજ્ઞાનકી, મિટ ગઈ નિજ રીત. સુ. ૧

ઘટ મંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ;

આપ પરાઈ આપહી, ઠાનત વસ્તુ અનૂપ. સુ.૨

કહા દિખાવું ઔરકું, કહા સમજાઉં ભોર;

તીર અચૂક હૈ પ્રેમકા, લાગે સો રહે ઠોર. સુ.૩

નાદ વિલુધ્ધો પ્રાણકું, ગિને ન તૃણ મૃગલોય;
આનંદઘન પ્રભુ પ્રેમકી, અકથ કહાની હોય. સુ. ૪

## પદ (૫)

અબધુ નટ નાગરકી બાજી, જાણે ન બામણ કાજી....

થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબહી;
ઉલટ પલટ ધ્રુવસત્તા રાજે, યા હમ સુની ન કબહી. અ. ૧

હે નાંહી હે વચન અગોચર, નય પ્રમાણ સતભંગી;
નિરપખ હોય લખે કોઈ વિરલા, ક્યા દેખે મત જંગી. અ. ૩

મોહટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા;
તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિઃચિંતા.

## પદ (૬)

આતમ અનુભવ રસિક કો, અજબ સુન્યો વિરતંત;
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત. ૧

## પદ (૭)

જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુલ મોર;
ઝર્યો ધાવત જગતમેં, રહે છૂટો ઈક ઠોર.

અબધુ ક્યા સોવે તન મઠમેં, જાગ વિલોકન ઘટમેં. અ.

શિરપર પંચ વસે પરમેશ્વર, ઘટમેં સૂછમ બારી;
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂકી તારી. અ.૩

આશા મારી આસન ધરી ઘટમેં, અજપા જાપ જગાવે;
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. અ.૪

પદ(૮)

આતમ અનુભવ ફુલકી, નવલી કોઉ રીત;
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત. ૧

પદ(૧૧)

આતમ અનુભવ રીતિ વરીરી, આતમ....

કેવળ કમલા અપછર સુંદર, ગાન કરે રસરંગ ભરીરી;
જીત નિશાન બજાઈ બિરાજે, આનંદઘન સર્વંગ ધરીરી. આ.૩

પદ(૧૨)

ખેલે ચતુર્ગતિ ચોપર પ્રાની મેરો, ખેલે ચતુર્ગતિ ચોપર....

ભાવ વિવેકકે પાઉ ન આવત, તબ લગ કાચી બાજી;
આનંદઘન પ્રભુ પાઉ દિખાવત, તો જીતે જીવ ગાજી. પ્રાની ૫

## પદ (૧૪)

અનુભવ તું હૈ હેતુ હમારો, અનુભવ....
આય ઉપાય કરો ચતુરાઈ, ઔરકો સંગ નિવારો. અનુ.૧

## પદ (૧૫)

મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર, મેરે....
ચેતન ચકવા ચેતના ચકવી, ભાગો વિરહકો સોર. મેરે. ૧

ફૈલી ચિહું દિસિ ચતુરા ભાવ રુચિ, મિટ્યો ભરમ તમ જોર;
આપકી ચોરી આપહી જાનત, ઔર કહત ન ચોર. મેરે. ૨

અમલ કમલ વિકચ ભએ ભૂતલ, મંદવિષય શશિકોર;
આનંદઘન એક વલ્લભ લાગત, ઔર ન લાખ કિરોર. મેરે. ૩

પદ (૧૯)

નિશદિન જોઉં તારી વાટડી, ઘરે આવો રે ઢોલા;
મુજ સરિખી તુજ લાખ હૈ, મેરે તું હી અમોલા. નિશ. ૧

પંથ નિહારત લોયણાં, દ્રગ લાગી અડોલા;
જોગી સુરત સમાધિમેં, મુનિ ધ્યાન ઝકોલા. નિશ. ૩

કૌન સુને કિનકું કહું, કિમ માંડુ મૈં બોલા;
તેરે મુખ દીઠે ટલે, મેરે મનકા ચોલા. નિશ. ૪

પદ (૨૦)

ઉપજી ધુનિ અજપાકી અનહદ, જીત નગારે વારી;
ઝડી સદા આનંદઘન બરખત, બિન મોરે એકન તારી.
અબધૂ આજ સુહાગન નારી. ૫

## ૫૯ (૨૧)

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ....

રૂપી કહું તો કછુ નહીં રે, બંધે કૈસે અરૂપ;
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે ન સિધ્ધ અનૂપ. નિ. ૧

શુધ્ધ સનાતન જો કહું રે, બંધ ન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દશા પ્યારે, પુણ્ય પાપ અવતાર. નિ. ૨

સિધ્ધ સનાતન જો કહું રે, ઉપજે વિનસે કૌન;
ઉપજે વિનસે જો કહું પ્યારે, નિત્ય અબાધિત ગૌન. નિ. ૩

સર્વાંગી સબ નય ધની રે, માને સબ પરમાન;
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે લરાઈ ઠાન. નિ. ૪

અનુભવ અગોચર વસ્તુ હૈ રે, જાનવો એહી રે ઈલાજ;
કહન સુનનકો કછુ નહીં પ્યારે, આનંદઘન મહારાજ. નિ. ૫

પદ (૨૨)

વિચારી કહા વિચારે રે, તેરો આગમ અગમ અથાહ....

બિનુ આધે આધા નહીં રે, બિન આધેય આધાર;
મુરગી બિન ઇંડા નહીં પ્યારે, યા બિન મુરગકી નાર. વિ. ૧

આનંદઘન પ્રભુ વચનકી રે, પરિણતિ ધરો રુચિવંત;
શાશ્વત ભાવ વિચારકે પ્યારે, ખેલો અનાદિ અનંત. વિ. ૫

પદ (૨૩)

અબધુ અનુભવ કલિકા જાગી, મતિ મેરી આતમ સમરન લાગી....

જાયે ન કબહું ઔર ઢિગ નેરી, તેરી વનિતા વેરી;
માયા ચેડી કુટુંબ કરી હાથે, એક ડેઢ દિન ઘેરી. અ. ૧

અનુભવ રસમેં રોગ ન સોગા, લોકવાદ સબ મેટા;
કેવલ અચલ અનાદિ અબાધિત, શિવ શંકરકા ભેટા.અ.૩

વર્ષા બુંદ સમુદ્ર સમાનિ, ખબર ન પાવે કોઈ;
આનંદઘન હૈ જ્યોતિ સમાવે, અલખ કહાવે સોઈ.અ.૪

પદ (૨૫)

ક્યારે મુને મિલસે માહરો સંત સનેહી, ક્યારે....
સંત સનેહી સૂરિજન પાખે, રાખે ન ધીરજ દેહી. ક. ૧

જન જન આગલ અંતર ગતની, વાતલડી કહું કેહી;
આનંદઘન પ્રભુ વૈદ્ય વિયોગે, કિમ જીવે મધુમેહી. ક. ૨

પ્રભુ મેરે! તુમ સબ વાતે પૂરા....

# પદ (૨૬)

અબધુ ક્યા માંગુ ગુન હીના, વે ગુન ગનિ ન પ્રવીના....

ગાય ન જાનું બજાય ન જાનું, ન જાનું સુર ભેવા;
રીઝ ન જાનું રીઝાય ન જાનું, ન જાનું પદ સેવા. અ.૧

વેદ ન જાનું કિતાબ ન જાનું, જાનું ન લંછન છંદા;
તરક વાદ વિવાદ ન જાનું, ન જાનું કવિ ફંદા. અ.૨

જાપ ન જાનું જુવાબ ન જાનું, ન જાનું કવિ બાતા;
ભાવ ન જાનું ભગતિ ન જાનું, જાનું ન સીરા તાતા. અ.૩

જ્ઞાન ન જાનું વિગ્યાન ન જાનું, ન જાનું ભજ નામા;
આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે, રટન કરૂં ગુણ ધામા. અ.૪

## પદ (૨૭)

અબધુ રામ રામ જગ ગાવે, વિરલા અલખ લખાવે....

મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા;
જટા જટાધર પટા પટાધર, છતા છતાધર તાતા. અ.૧

આગમ પઢિ આગમધર થાકે, માયાધારી છાકે;
દુનિયાદાર દુનિસેં લાગે, દાસા સબ આશાકે. અ.૨

બહિરાતમ મૂઢા જગ જેતા, માયાકે ફંદ રહેતા;
ઘટ અંતર પરમાતમ ધ્યાવે, દુર્લભ પ્રાણી તેતા. અ.૩

ખગપદ ગગન મીનપદ જલમેં, જો ખોજે સો બૌરા;
ચિત્ત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનંદ ભૌરા. અ.૪

૫૬ (૨૮)

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે....

ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશાધારી;
આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી.આ.૧

આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા.આ.૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઈ પિયે કસ, જાગે અનુભવ લાલી.આ.3

અગમ પિયાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાતમવાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.આ.૪

## પદ (૨૯)

અબધુ નામ હમારા રાખે, સો પરમ મહારસ ચાખે....

નહીં હમ પુરૂષા નહીં હમ નારી, વરન ન ભાંત હમારી;
જાતિ ન પાંતિ ન સાધન સાધક, નહીં હમ લઘુ નહીં ભારી.અ.૧

નહીં હમ તાતે નહીં હમ સીરે, નહીં દીર્ઘ નહીં છોટા;
નહીં હમ ભાઈ નહીં હમ ભગિની, નહીં હમ બાપ ન બેટા.અ.૨

નહીં હમ મનસા નહીં હમ શબ્દા, નહીં હમ તનકી ધરણી;
નહીં હમ ભેખ ભેખધર નાહીં, નહીં હમ કરતા કરણી.અ.૩

નહીં હમ દરશન નહીં હમ પરસન, રસ ન ગંધ કછુ નાહીં;
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવકજન બલિ જાહીં.અ.૪

## પદ (૩૩)

મિલાપી આન મિલાવો રે, મેરે અનુભવ મિઠડે મિત્ત;

ચાતક પીઉ પીઉ રટે રે, પીઉ મિલાવે ન આન;
જીવ જીવન પીઉ પીઉ કરે પ્યારે, જીઉ નીઉ આન એ આન.મિ.૧

## પદ (૩૭)

તા જોગે ચિત્ત લ્યાઉં રે વાહાલા, તા....

સમકિત દોરી શીલ લંગોટી, ઘુલ ઘુલ ગાંઠ ઘુલાઉં;
તત્ત્વ ગુફામેં દીપક જોઉં, ચેતન રતન જગાઉં રે વાહાલા.તા.૧

અષ્ટકર્મ કંડેકી ધૂની, ધ્યાના અગન જલાઉં;
ઉપશમ છનને ભસ્મ છગાઉં, મલી મલી અંગ લગાઉં રે વાહાલા.તા.૨

આદી ગુરૂકા ચેલા હોકર, મોહકે કાન ફરાઉં;
ધર્મ શુકલ દોય મુદ્રા સોહે, કરૂણાનાદ બજાઉં રે વાહાલા.તા.૩

ઈહવિધ યોગ સિંહાસન બૈઠા, મુગતિપુરીકું ધ્યાઉં;
આનંદઘન દેવેંદસેં જોગી, બહુર ન કલિમેં આઉં રે વાહાલા.તા.૪

## પદ (૭૦)

મીઠડો લાગે કંતડો ને, ખાટો લાગે લોક;
કંત વિહુણી ગોઠડી, તે રણમાંહે પોક.મી.૧

## પદ (૭૨)

અબ હમ અમર ભએ ન મરેંગે, અબ....
યા કારન મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે.અ.૧

રાગ દોસ જગ બંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલતેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અ.૨

દેહ વિનાસી હું અવિનાસી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે. અ.૩

મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે. અ.૪

## પદ (૪૩)

મેરી તું મેરી તું કાહે ડરેરી, મેરી....
કહે ચેતન સમતા સુનિ આખર, ઔર દેઢ દિન જૂઠ લરેરી. મેરી.૧

એતી તો હું જાનું નિહચે, રીચી પર ન જરાઉ જરેરી;
જબ અપનો પદ આપ સંભારત, તબ તેરે પરસંગ પરેરી. મેરી.૨

ઔસર પાઈ અધ્યાતમ શૈલી, પરમાતમ નિજ યોગ ધરેરી;
શક્તિ જગાવે નિરૂપમ રૂપકી, આનંદઘન મિલિ કેલિ કરેરી.મેરી.૩

## પદ (૪૪)

વેદ પુરાન કિતાબ કુરાનમેં, આગમ નિગમ કછુ ન લહુંરી;
વાચા ફોર સિખાઈ સેવનકી, મેં તેરે રસરંગ રહુંરી.તેરી.૨

મેરે તો તું રાજી ચહિએ, ઔર કે બોલ મેં લાખ સહુંરી;
આનંદઘન પિયા વેગે મિલો પ્યારે, નહીં તો ગંગતરંગ વહૂરી.તેરી.૩

## પદ (૪૮)

માયડી મુને નિરપખ કિણહી ન મુકી, નિરપખ....
નિરપખ રહેવા ઘણુંહી ઝૂરી, ધીમે નિજમતિ ફૂંકી.મા.૧

યોગીએં મલીને યોગણ કીની, યતિયેં કીની યતણી;
ભગતેં પકડી ભગતાણી કીની, મતવાલે કીની મતણી. મા.૨

કેણે મુંડી કેણે લૂંચી, કેણે કેસે લપેટી;
એક પખો મેં કોઈ ન દેખ્યો, વેદના કિણહી ન મેટી. મા.૩

રામ ભણી રહીમાન ભણાઈ, અરિહંત પાઠ પઢાઈ;
ઘરઘરને હું ધંધે વલગી, અળગી જીવ સગાઈ. મા.૪

કેણે તે થાપી કેણે ઉથાપી, કેણે ચલાવી કિણ રાખી;
કેણે જગાડી કેણે સૂઆડી, કોઈનું કોઈ નથી સાખી. મા.૫

ધીંગ દુર્બલને ઠેલીજે, ઠીંગે ઠીંગો વાજે;
અબલા તે કેમ બોલી શકિયેં, વડ યોધ્ધાને રાજે. મા.૬

જે જે કીધું જે જે કરાવ્યું, તેહ કહિતી હું લાજું;
થોડે કહે ઘણું પ્રીછી લેજો, ઘર શું તીરથ નહીં બાજું. મા.૭

આપ વીતી કહેતાં રીસાવે, તેથી જોર ન ચાલે;
આનંદઘન વહાલો બાંહડી ઝાલે, તો બાજું સઘળું પાલે. મા. ૮

## પદ (૫૨)

મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન....

માત આનંદઘન, તાત આનંદઘન;
ગાત આનંદઘન, જાત આનંદઘન. મેરે. ૧
લાજ આનંદઘન, કાજ આનંદઘન;
સાજ આનંદઘન, આજ આનંદઘન. મેરે. ૨
આભ આનંદઘન, ગાભ આનંદઘન;
નાભ આનંદઘન, લાભ આનંદઘન. મેરે. ૩

શુધ્ધ પરૂપક ક્રિયાવંત;
પંચમ કાલે દોહીલા સંત....

પદ (૫૯)

દેખો એક અપૂરવ ખેલા....

આપહી બાજી આપહી બાજીગર, આપ ગુરૂ આપ ચેલા. દે.૧

લોક અલોક બિચ આપ બિરાજીત, જ્ઞાન પ્રકાશ અકેલા;

બાજી છાંડ તહાં ચઢ બૈઠે, જિહાં સિંધુકા(સિધ્ધકા) મેલા. દે.૨

વાગ્વાદ ખટનાદ સહુમેં, કિસકે કિસકે બોલા;

પાહાણકા ભાર કાંહી ઉઠાવત, એક તારેકા ચોલા. દે.૩

ષટ્પદ પદકે જોગસિરિ ખસ, ક્યોં કર ગજપદ તોલા;

આનંદઘન પ્રભુ આય મિલો તુમ, મિટ જાય મનકા ઝોલા. દે.૪

પદ (૬૦)

અબ મેરે પતિ ગતિ દેવ નિરંજન, અબ....

ભટકૂં કહાં કહાં સિર પટકૂં, કહા કરૂં જન રંજન. અબ.૧

ખંજન દગન દગન લગાવું, ચાહૂ ન ચિંતવન અંજન;
સજ્જન ઘટ અંતર પરમાતમ, સકલ દુરિત ભયભંજન.અબ.૨

એહ કામગવિ એહ કામઘટ, એહી સુધારસ મંજન;
આનંદઘન પ્રભુ ઘટવનકે હરિ, કામ મતંગજ ગંજન.અબ.૩

## પદ (૬૭)

રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.રામ.૧

ભાજન ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપરી;
તૈસેં ખંડ કલ્પના રોપિત, આપ અખંડ સ્વરૂપરી.રામ.૨

નિજપદ રમે રામ સો કહિએ, રહિમ કરે રહેમાનરી;
કરશે કર્મ કાન સો કહિએ, મહાદેવ નિર્વાણરી.રામ.૩

પરસે રૂપ પારસ સો કહિએ, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરી;
ઇહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મરી.રામ.૪

પદ (૬૮)

સાધુસંગતિ બિનુ કૈસેં પૈયેં, પરમ મહારસ ધામ રી;
કોટી ઉપાય કરે જો બૌરો, અનુભવકથા વિશ્રામ રી. ૧

દેવ અસુર ઇંદપદ ચાહુ ન, રાજ ન કાજ સમાજ રી;
સંગતિ સાધુ નિરંતર પાવું, આનંદઘન મહારાજ રી. ૪

પદ (૮૨)

પ્રભુ તો સમ અવર ન કોઈ ખલકમેં....

હરિહર બ્રહ્મા વિગુતે સોતો, મદન જીત્યો તેં પલકમેં. પ્રભુ.૧

જ્યોં જલ જગમેં અગન બુજાવત, વડવાનલ સો પીએ પલકમેં;
આનંદઘન પ્રભુ વામા રે નંદન, તેરી હામ ન હોત હલકમેં.પ્રભુ.૨

## પદ (૮૩)

નિસ્પૃહ દેશ સોહામણો, નિર્ભય નગર ઉદાર હો....
વસે અંતરજામી....
નિર્મલ મન મંત્રી વડો, રાજા વસ્તુ વિચાર હો.વસે. ૧

કેવળ કમલાગાર હો, સુણ સુણ શિવગામી;
કેવળ કમલાનાથ હો, સુણ સુણ નિ:કામી;
કેવળ કમલાવાસ હો, સુણ સુણ શુભગામી;
આતમા તું ચૂકીશમા, સાહિબા તું ચૂકીશમા;
રાજીંદા તું ચૂકીશમા, અવસર લહીજી.

દ્રવ્ય ક્રીયા રૂચી જીવડા રે, ભાવ ધર્મ રૂચી હીન;
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન રે.

તત્ત્વરસીક જન થોડલા રે, બહુલો જન સંવાદ;
જાણો છો જીનરાજજી રે, સઘળો એહ વિવાદ રે.

૫૬ (૮૪)

લાગી લગન હમારી, જીનરાજ સુજસ સુન્યો મેં....

કાહૂકે કહે કબહૂં ન છૂટે, લોક લાજ સબ ડારી;
જૈસે અમલિ અમલ કરત સમે, લાગ રહી જ્યું ખુમારી. જી.૧

તૈસેં આનંદઘન અનુહારી, પ્રભુ કે હું બલિહારી. જી.૨

૫૬ (૯૪)

જેહનો પક્ષ લઈને બોલું, તે મનમાં સુખ આણે;
જેહનો પક્ષ મૂકીને બોલું, તે જનમ લગે ચિત્ત તાણે.
શ્યામ મને નિરાધાર કેમ મૂકી. ૩

## પદ (૯૭)

યા પુદ્‌ગલકા ક્યા વિસવાસા, હૈ સુપનેકા વાસા રે....

ચમત્કાર વિજલી દે જૈસા, પાની બીચ પતાસા;
યા દેહીકા ગર્વ ન કરના, જંગલ હોયગા વાસા. યા.૧

જૂઠે તન ધન જૂઠે જોબન, જૂઠે હૈ ઘર વાસા;
આનંદઘન કહે સબહી જૂઠે, સાચા શિવપુર વાસા. યા.૨

## પદ (૯૮)

અબધુ સો જોગી ગુરૂ મેરા, ઈન પદકા કરે રે નિવેડા....

તરૂવર એક મૂલ બિન છાયા, બિન ફૂલે ફલ લાગા;
શાખા પત્ર નહીં કછુ ઉનકું, અમૃત ગગને લાગા. અ.૧

તરૂવર એક પંછી દોઉ બૈઠે, એક ગુરૂ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા, ગુરૂ નિરંતર ખેલા. અ.૨

ગગન મંડલકે અર્ધબિચ કૂવા, ઉહાં હૈ અમીકા વાસા;
સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા. અ.૩

ગગન મંડલમેં ગઉઆં બિહાની, ધરતી દૂધ જમાયા;
માખન થા સો વિરલા પાયા, છાસેં જગત ભરમાયા. અ.૪

થડ બિનું પત્ર પત્ર બિનું તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા;
ગાવન વાલિકા રૂપ ન રેખા, સુગુરૂ સોહી બતાયા. અ.૫

આતમ અનુભવ બિન નહીં જાને, અંતરજ્યોતિ જગાવે;
ઘટ અંતર પારખે સોહી મૂરતિ, આનંદઘન પદ પાવે. અ.૬

પદ (૯૯)

અબધૂ ઐસો જ્ઞાન વિચારી, વામેં કોણ પુરુષ કોણ નારી....

ગગન મંડલમેં ગાય વીયાણી, વસુધા દૂધ જમાઈ;
સઉ રે સુનો ભાઈ વલોણું વલોવે તો, તત્ત્વ અમૃત કોઈ પાઈ. અ.૫

માયા તજીય ન જાય હો સંતો, માયા....

માયા તજી રે જેનું મન રે વૈરાગી,
તનમેં સુ સમાણી;
આનંદઘન કોઈ વિરલા રે જોગી,
જેણે જુઠી ફરી જાણી. હો સંતો....

ઘર તજ્યું ને વળી મઠ સપડાવ્યા,
ઉધમ તજ્યા લીધા ફેરી;
સજ્જન તજ્યા વળી પક્ષ સપડાવ્યા,
ત્યાં તને માયા ઘેરી. હો સંતો....

પ્રથમ તો શરીરરૂપ કીજીએ ભીન,
તામે સુક્ષમ શરીર ભીન જાણીએ;
અષ્ટકર્મ ભાવકી ઉપાધી સો દુર કરી,
વામે સુબુધી વિલાસ ભીન જાણીએ. હો સંતો....

તામે બીરાજત પ્રભુ ચેતન અખંડરૂપ,
શ્રુતજ્ઞાનકે પહે પ્રમાન ઠીક આણીએ;
વાંહીકો વીચાર કરી વાંહીમેં મગ્ન રહીજે,
પંથ વાકે સાધવેકો એ હી* એક ઉપાવ. હો સંતો....

* એ હી = અચુક

જેસે જ્વર કે જોરસેં, ભોજનકી રૂચી જાય;
તેસે કુકર્મ કે ઉદે, ધર્મવચન ન સુહાય.

લગે ભુખ જ્વર કે ગએ, રૂચીસુ લેવત આહાર;
અશુભહીન શુભકે જગે, સો જાને ધર્મ વિચાર.

## *વિરહ વેદના*

દુર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી;
નવીન બંધન છોડ દે, એવી રમત રમવી નથી.

હોવ રમત ઘડી બે ઘડી, પક્ષ કે વળી માસની;
આ તો યુગાંતર વહી ગયા, એવી રમત રમવી નથી.

હું સુધાનો સ્વાદીયો, ચાલ્યો સુધાની શોધમાં;
ત્યાં તો વીષ પ્યાલો મળ્યો, એવી રમત રમવી નથી.

પ્રાવ તારી પ્રાપ્તી તણું, હતું પુર્વ મમ લક્ષ એ;
હું લક્ષ ચુક્યો માર્ગ ભુલ્યો, એવી રમત રમવી નથી.

સમકીત દ્રષ્ટી જીવડો, કરે કુટુંબ પ્રતીપાળ;
અંતરંગસે ન્યારો રહે, જ્યું ધાવ ખેલાવે બાળ.

## *વિચારણા*

હોડી તૂટી હોય તોય, તેમાં લે ઉતારૂઓને;
એ તે હોડીમાં ઊંડા ઉતારવા કે તારવા?

મન ભિંતરની ઓર ને, વરતે બાહીર ઓર;
કહેણી રહેણી સમ નહિં, એ તો મોટા ચોર.

અહો દુઃખમ કળીકાળમાં, વિરલા સદ્ગુરૂ જોય;
બાકી ફૂટ્યો રાફડો, સર્પ તણો અવલોય.

ભટકી ગુરૂ ગુરૂ વાંદીયા, શિર પટક્યું સો વાર;
જ્યાં ત્યાં માથું નામીયું, લહ્યો ન કિંચીત્ સાર.

કાર્ય વિમાસી જે કરે, બોલે વચન વિમાસ;
તે ઘર લછી પાહુણી, સંકટ નાવે પાસ.

સમકીતનું મુળ જાણીએ, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત.

# *સિકંદરનું ફરમાન*

મ્હારાં મરણ વખતે બધી મીલ્કત અહીં પથરાવજો,
મ્હારી નનામી સાથ કબ્રસ્તાનમાં પણ લાવજો;
જે બાહુબળથી મેળવ્યું તે ભોગવી પણ ના શક્યો,
અબજોની મીલ્કત આપતાં પણ એ સીકંદર ના બચ્યો.

મ્હારૂં મરણ થતાં બધાં હથીયાર લશ્કર લાવજો,
પાછળ રહે મૃતદેહ આગળ સર્વને દોડાવજો;
આખા જગતને જીતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું,
વિકાળ(વિકરાળ) દળ ભુપાળને નહીં કાળથી છોડી(છોડાવી) શક્યું.

મ્હારાં બધાં વૈદો હકીમોને અહીં બોલાવજો,
મ્હારો જનાજો એ જ વૈદોને ખંભે ઉપડાવજો;
દર્દીઓના દર્દને દફનાવનારૂં કોણ છે?
દોરી તૂટી આયુષ્યની તો સાંધનારૂં કોણ છે?

બાંધી હથેલી રાખતાં જીવો જગતમાં આવતાં,
ને ખાલી હાથે આ જગતથી જીવ સૌ ચાલ્યા જતાં;
યૌવન ફના જીવન ફના જર ને જગત પણ છે ફના,
પરલોકમાં પરીણામ ફળશે પુણ્યના કે પાપના.

અહં બ્રહ્મ કહી બોલવું, તે તો જાણે સેલ;
સરખા કંચન કોયલા, ગણવા તે મુશ્કેલ. ॥૧॥

નારી વિષની વેલડી, એમ કહેવામાં તો સહેલ;
પણ તન મનથી ત્યાગવી, એ છે અતિ મુશ્કેલ. ॥૨॥

હંસગની સમ ચાલવું, તે તો જાણે સેલ;
પય પાણી જુદાં પાડવા, એ છે અતી મુશ્કેલ. ॥૩॥

॥ગઝલ.॥

સમય બદલાય છે જ્યારે, બધું પલટાય છે ત્યારે;
અનુભવ થાય છે ત્યારે, સમય બદલાય છે જ્યારે. ॥૧॥

સદાએ સાથ જે ખાતા, ઘડી જુદા નહીં થાતા;
નથી તે ચીત્તથી ચાહતા, સમય બદલાય છે જ્યારે. ॥૨॥

સુધા તે તો બને ઝેરી, ઘણા વહાલા બને વેરી;
અને લે દુઃખમાં ઘેરી, સમય બદલાય છે જ્યારે. ॥૩॥

સતી ઘર નારી હોએ તે, બને કુલટા ખરેખર એ;
ન જાણી હોય જગમાં જે, સમય બદલાય છે જ્યારે. ॥૪॥

ઘણાએ લાવતા મેવા, ઘણા ઉઠાવતા સેવા;
હુંકારો ન રહે દેવા, સમય બદલાય છે જ્યારે. ॥૫॥

મુખેથી બોલતા બાપા, ન પોહરો જીભથી ખાતા;
ન બોલે તે કઈ કાકા, સમય બદલાય છે જ્યારે. ॥૬॥

સમયનો રંગ છે જુદો, સમયનો અન્ય છે મુદો;
સમયને જોઇ તમે કુદો, સમય બદલાય છે જ્યારે. ॥૭॥

જબ લગ જાસકી પુણ્યકી, પોચે નહિ કરાર;
તબ લગ ઉનકી માફ હૈ, અવગુણ કરે હજાર.

પુન્ય ક્ષીણ જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
સળગે વનની લાકડી, પ્રજળે આપોઆપ.

પુત્ર નહીં કછું ધન નહીં, પણ સમતા સુ પ્યાર;
સમકીત દષ્ટી જીવડો, નર માંહી સિરદાર.

લાય ઘરોઘર લાગી, આ તો લાય ઘરોઘર લાગી રે જી....

ઈંધણ વધાયા રે અવગુણરૂપી, ગુણકી ઘટી ઘરાગી રે જી;
સાર સાર જે સાધનવાળા, દુર્બલ થયા દુભાગી રે.

સમજુને અણસમજુ બળીયા, સુખથી બન્યા સરાગી (રે);
જોગી ભોગી જલતા દીઠા, એવું ઘરમાં આગી રે.

સરવ સંઘાડે સરખી લાગી, હવે જવું ક્યાં ભાગી રે;
વેર ઝેરકી ઝાળું નીકળી, વિમુખ બન્યા વૈરાગી (રે).

પ્રબળ પ્રપંચી પવન પ્રગટ્યો, તપ્યા તપસીને ત્યાગી (રે);
ઈર્ષાના મહાધુમ્ર ગોટમાં, અગણિત થયા અભાગી રે.

હાય વોયની હોળી હરદમ, દુઃખ ફર દીલમાં દાગી (રે);
રાગ દ્વેષની ધુંટી રમતું, ગેબી ગોળીયું વાગી (રે).

સંત શિષ્ય કોઈ મુનિવર સાચા, દીએ ભીડને ભાગી રે જી.

## કવ્વાલી

વેદે શાસ્ત્રો અમર આત્મા, મરણની બીક શા માટે?
અમર છે એક પરમાત્મા, મરણની બીક શા માટે?

શરીર આ કાચનો કુંપો, તરત જે તૂટવાનો તો;
સમર માંહે અમર પામે, મરણની બીક શા માટે?

મરણ છે બાદશાહોને, મરણ છે મહાત્માઓને;
વાધીપા જે મરી જાણે, મરણની બીક શા માટે?

મરણાં મરણાં સહુ કહેતાં, મરી નવ જાણતાં કોઈ;
મરણના ભેદ ને જાણે, ફરી મરવું પડે નાંહી.

આયુ કર્મ રક્ષા કરે, પ્રારબ્ધ કરે સેવ;
એ દોનુ નિશ્ચે કરી, ભજો નિરંજન દેવ.

ચોથે આરે વીર છતાં, ઈમહી જ ખેંચાતાણ;
તો પાંચમો આરો કેસો કેણો, જઈ લોક ભયા અજાણ.

એક જ ભાણાના જમનારા, તું સુત્ર પાઈ જોય;
જે જેવી કરણી કરે, તેને તેવાં ફળ હોય.

કીધાં કર્મ આવા ઉદે, પહોંચી ન શકે કોઈ;
જ્ઞાની વેદે જ્ઞાનસું, મુરખ વેદે રોય.

કર જલાક છોટડી, તીનુ વશ કરંત;
સો નર ચાલે મલપતા, દુરીજન કાહું કરંત.

ધર્મ ધર્મ સહુ કો કરે, ધર્મનો ન જાણે મરમ;
ધર્મકારણ આરંભ કરે, ઉલટાં....

પાપ છુપાયા ના છુપે, છુપે તો મોટા ભાગ્ય;
દાબી દુબી ના રહે, રૂએ લપેટી આગ.

મન મેલા તન ઉજ્લા, બગલા કપટી અંગ;
તાતે તો કૌવા ભલા, તન મન એક હી રંગ.

પાર્શ્વમણી ઓર સંતમેં, બડો આંતરો જાણ;
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

વિદ્યા વિવાદાય ધનં મદાય, શક્તિ પરેષાં પરપિડ નાય;
.... સાધુ વિપરીત બુધી, જ્ઞાનાય દાનાય સંરક્ષણાય.

થોડા સામેં જાણીએ, કારજરૂપ વિચાર;
કહત સુનત સુત્ર જ્ઞાનકી, કબહુ ન આવે પાર.

ગુણવંતોકી વંદના, અવગુણ દેખ મધ્યસ્થ;
દુખી દેખ કરુણા કરો, મૈત્રીભાવ સમસ્ત.

જ્યું કાહું વિષધર ડસે, રૂચીશું નિંબ ચબાય;
ત્યું માયામેં તુમ મચે, મગન વિષયસુખ માંહિ.

સુખીયા સબ સંસાર, ખાવ ઔર સોવે;
દુખીયા દાસ કબીર, જાગ જગે તબ રોવે.

રસના તો મુખ જે ભલી, જે મુખ સમરે રામ;
નહિં તો નીકાસી કાઢીએ, મુખમેં ભલો ન ચામ.

કરમ તણી ગતી વિચીત્ર, તાસુ ભણે જીનવર ચરિત્ર;
કાં જાણે જીનમતના જાણ, બીજા કોઈ ન લહે વિનાણ.

મેં મેરા એ જીવકું, બંધન મોટા જાણ;
મેં મેરા જાકું નહિં, સો હી મોક્ષ પિછાણ.

ગાવે બજાવે મચાવે તાન, ઉનકો દુનિયા દેવે માન;
મુની હોય તે મગનમાં રેવે, ઉનકો દુનિયા (પાગલ) કેવે.

સમજી પોતે સુધરીએ, સર્વ જન નહિં સુધરાય;
પગે પગરખાં પહેરીએ, પૃથ્વી નહિં મઢાય.

નિંદક સરખો નહિં પાપીયો, તામે તેરે દોષ;
દુજે સંવર દેખલો, કીણ વાધ જસે મોક્ષ.

નારાયણ નીજ હઈએ મેં, અપનો દોષ નિહાર;
તા પછી તું ઓર કો, અવગુણ ભલે વિચાર.

તુજે પરાઈ ક્યા પરી, તું અપની નિવેડ;
તેરી ઝાંઝ દરીયાવમેં, ડુબે નહિં ત્યું એડ.

પગે પગરખાં પેરીને, તાપ તપે તો ચાલ;
દુનિયા બધી મઢાય નહિં, તું તારૂં સંભાળ.

અભિમાનીને અંતરે, ભાસે જે નિજ ભુલ;
તો પણ તેની જીભથી, કદી ન કરે કબુલ.

નીર ન બોળે કાષ્ટકું, કહો કાહીકી પ્રીત;
અપના શિંચ્યા જાનકે, એહિ બડોંકી રીત.

એક દુષ્ટજન વિના, સકળ જન સુધરાય;
શીતળ જળ ઠારે સર્વને, પણ તાતા તેલ સિવાય.

સજ્જન સૌના સનેહી પણ, દુષ્ટ તણે મન કાળ;
જગત ચક્ષુ છે સુર્ય, પણ ઘુડ(ઘુવડ) ગણે વિકરાળ.

કહાં ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
સર્પ તજે જેમ કાંચળી, વિષ તજ્યો નહિં અંગ.

માયાવી નિંદક તણો, તપ આચાર વિનાશ;
દુજે અંગે દેખ લો, અનંતા ગરભાવાસ.

આચારે અભીમાન વધ્યો, તપથી વધીયો ક્લેશ;
ગર્વ વધે જે જ્ઞાનથી, તો અવળો ભજ્યો વેષ.

મુક્તિવાસી પ્રાણી થા, તાકી ઓર જ ચાલ;
આપ બની પ્રશાંત ને, પરકી કરે નિહાલ.

નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સોય;
સાબુ લેકે ગાંઠકા, મેલ હમારા સોય.

તુળસી નીજ કીરતી ચહે, પરકી કીર્તી ખોય;
તીનકે મુખ મસી લાગ હૈ, મીટે ન મરીએ ધોય.

ભૂ ભુષણ નર તીન હૈ, અપર ઉપજત અનંત;
અગર્વ ધન સબળ ક્ષમા, કોમળ વિદ્યાવંત.

અલિ પતંગ ગજ મૃગ મિન, એક એક કી આશ;
તુળશી વાકી કૌન ગતી, પાંચુ જીનકી પાસ.

શીતળતા અરૂ સ્વછતા, ધરો નમ્રતા ધાર;
તો પણ જગમેં છે ખરા, શત્રુ તેને શીર.

જાણે જગતને તારશું, આપ તરી સહુ સાથ;
તીર તજી પડ્યા વમળમાં, પકડી અવળી બાથ.

જ્ઞાનાનંદ

અખંડાનંદ

પરમાનંદ

લાભાનંદ

બ્રહ્માનંદ

પૂર્ણાનંદ

શિવાનંદ

નિજાનંદ



ધ્યાનાનંદ

ચિદાનંદ

નિત્યાનંદ

સહજાનંદ

આત્માનંદ

સ્વ

ૐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

ભાવાનંદ

નિર્મલાનંદ

વિશિષ્ટાનંદ

તત્ત્વાનંદ

સ્વરૂપાનંદ